આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ - શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-03-૧૦-૨૦૨૩ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## નોબલ પુરસ્કાર

મેડિસિન અને ફિજીઓલોજી ક્ષેત્રમાં વર્ષ 2023નો નોબલ પુરસ્કાર, હંગેરીના પ્રોફેસર કેટેલીન કારીકો અને અમેરિકના પ્રોફેસર ડ્રીયુ વિસમેનને સંયુક્ત રીતે આપવામાં આવશે. બંને વૈજ્ઞાનિકોએ એવી તકનિક વિકસાવી જેનાથી mRNA આધારિત કોવિડ રસીનું નિર્માણ શક્ય બન્યું.

આ તકનિક પર કોવિડ મહામારી પહેલા પ્રયોગ ચાલી રહ્યા પરંતુ હવે વિશ્વભરના કરોડો લોકોને રસી આપવામાં આવી છે.

યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં લાંબા સમયથી કામ કરતા બંને વૈજ્ઞાનિકોએ તેમના સંશોધન માટે 2021માં પ્રતિષ્ઠિત લાસ્કર એવોર્ડ સહિત અનેક પુરસ્કારો જીત્યા છે.

**RNU અમદાવાદ**

---

## જિલ્લામાં ખાદીનું વેચાણ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જયંતીના એક જ દિવસમાં કચ્છમાં સાડા પાંચ લાખ રૂપિયાનું ખાદીનું વેચાણ થયું છે. દર વર્ષે ગાંધી જયંતિથી ખાદીમાં 15થી લઈ 40 ટકા સુધીનું અપાતું હોય છે. ત્યારે લોકોમાં પણ ખાદી પ્રત્યે જાગૃકતા આવતી દેખાઈ રહી હોય તેમ ગાંધી જયંતિના આખો દિવસ જિલ્લાના અલગ અલગ ખાદી વેચાણ કેન્દ્રો પર શર્ટ, લેડીઝ કુર્તી, જેન્ટસ કુર્તા, ખાદી સાડી, બાટિક, બાંધણી, શતરંજી, બેડસીટ વગેરે ખરીદવા માટે લોકો ઉમટી પડ્યા હતા. ગત વર્ષની તુલનાએ ખાદીના વેચાણમાં નોધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

**કલ્પના શાહ**

---

## આજથી શાળાઓમાં પરીક્ષાઓ

જિલ્લાની શાળાઓમાં આજથી પ્રથમ પરીક્ષા યોજાશે. જે નવરાત્રી પહેલા જ પૂર્ણ થશે. ચાર મહિનાના શિક્ષણકાર્ય બાદ પ્રથમ પરીક્ષાને લઈને શિક્ષકો, વિધાર્થી, શાળા તંત્ર સજ્જ થયું છે. આજથી પ્રથમ પરીક્ષા શરૂ થશે. જે 12મી ઓકટોબર સુધી લેવાશે. ત્યારબાદ હવે દ્વિતીય પરીક્ષા 29મી જાન્યુઆરીથી 7મી ફેબ્રુઆરી સુધી લેવાશે. શિક્ષણ વિભાગના સુત્રોના જણાવ્યા પ્રમાણે ધોરણ 9થી 12ની પ્રથમ પરીક્ષા માટે જુનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમ રહેશે. ધોરણ 9થી 11માં બે કલાકની 50 ગુણની પરીક્ષા રહેશે. જયારે ધોરણ -10 અને 12માં ત્રણ કલાકની 100 ગુણની પરીક્ષા રહેશે. પ્રથમ પરીક્ષા બાદ 9મી નવેમ્બરથી 29મી નવેમ્બર સુધી 21 દિવસનું દિવાળી વેકેશન રહેશે.

કલ્પના શાહ

---

## આજથી ઈ.વી.એમ. ચકાસણી

આવતા વર્ષે લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે વહિવટી પ્રક્રિયાઓ વેગવાન બની રહી છે. કેન્દ્રીય ચૂંટણીપંચના આદેશથી જિલ્લામાં પણ આજથી ઈવીએમની પ્રથમ સ્તરની ચકાસણીની કામગીરીનો આરંભ કરવામાં આવશે. આ કામગીરી માટે બેંગલોરથી આવેલ આઠ ઈન્જીનીયરની ટુકડી દ્વારા 8,302 મશીનોને આવરી લેવાશે. આ ઉપરાંત 28મી સુધી સંપન્ન થનારી આ પ્રક્રિયા પારદર્શિતાથી થાય તે માટે વેબકાસ્ટિંગના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય ચૂંટણીપંચના અધિકારીઓ તેમજ જિલ્લા તંત્રવાહકો આ કામગીરીનું જીવંત પ્રસારણ નિહાળી શકશે.

કલ્પના શાહ

---

RNUBHUJ

## કપાસમાં સુકારોનો રોગ

સારા વરસાદ બાદ કચ્છમાં કપાસ, એરંડા તેમજ કઠોળના પાકને સારો એવો ફાયદો થશે. પણ પુરતા વરસાદ બાદ ગરમીનું પ્રમાણ વધતા નખત્રાણા તાલુકાના ગામોના ખેતરોમાં લહેરાતા કપાસના પાકને સુકારો રોગ લાગુ પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સારા વરસાદ બાદ વાતાવરણ બદલતા રાત્રીના ઠંડી અને દિવસે તાપ પડતાં ખેતરોમાં તૈયાર થવાની અણીએ ઉભેલા કપાસના પાકને સુકારો લાગતા છોડ સુકાઈ જાય છે. અને કપાસની ગુણવતા પણ ઘટે છે. ત્યારે દવા છંટકાવ સહિતની કામગીરીમાં ખેડૂતો પરોવાયા છે.

કલ્પના શાહ

---

## નારાયણસરોવરમાં પિતૃતર્પણનો ધમધમાટ

વીક્રમ સંવત ભાદરવા સુદ પુનમથી ભાદરવા વદ અમાસ સુધી 16 દિવસનો શ્રાદ્ધ પક્ષ તેમજ પિતૃતર્પણના દિવસો કહેવાય છે. આ દિવસો દરમિયાન પિતૃતર્પણની વિધિઓ કરવામાં આવે છે. પિતૃતર્પણ માટે ગુજરાતના 4 સ્થળો પવિત્ર માનવામાં આવે છે જેમાં કચ્છના છેવાડે આવેલા પવિત્ર તીર્થધામ નારાયણ સરોવરમાં પિતૃતર્પણ પિંડદાનનું વિશેષ મહત્વ રહેલું છે. શ્રાધ્ધ પક્ષ દરમિયાન મોટી સંખ્યામાં લોકો પોતાના મૃત્યુ પામેલા સ્વજનોનું તર્પણ કરવા આ પવિત્ર સ્થળે આવતા હોય છે. પિતૃતર્પણના દિવસો હોવાથી નારાયણ સરોવરમાં વિશેષ ભીડ જોવા મળી રહી છે. જેનાથી સ્થાનિક વેપારમાં વધારો થયો છે.

પરેશ મારૂ

---

## વાતાવરણ વિષમતા

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણની વિષમતા અનુભવાઈ રહી છે. મહતમ તાપમાનમાં વધારો થતા દિવસે આકરા તાપનો અનુભવ થયા પછી

પરોઢના સમયે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. ત્યારે દિવસ અને રાત્રિના તાપમાનમાં 10થી 18 ડિગ્રીનો તફાવત જોવા મળી રહ્યો છે.

કલ્પના શાહ

---

RNU BHUJ